## જુનાગઢના નામદાર એડી. જયુડી.મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં, જુનાગઢ

**ફોજદારી કેસ નં.૨૩૩૦/૨૦૨૬**

**– ચુકાદો –**

(૧) હાલના કામના **આરોપી મહેન્દ્રભાઇ મગનભાઇ સોંદરવા** સામે **ગુજરાત નશાબંધી અધિનીયમ, ૧૯૪૯ ની કલમ ૬૫–એએ હેઠળની ચાર્જશીટ ફાઇલ કરવામાં આવેલ છે.**

(૨) આરોપી કોર્ટમાં હાજર થઇ, સ્વૈચ્છીક કબુલાત આપવાનું કહેતા હોય, અને આરોપીની કબુલાત સ્વીકારી, કબુલાત પુરસીસ આપી ગુનો કબુલ હોવાનું જાહેર કરે છે.

(૩) આરોપી પોતાની ગુના અંગેની કબુલાત પુરસીસથી જાહેર કરે છે કે તેઓ ગરીબ વર્ગના છે અને તેમના પર કુટુંબની જવાબદારી છે તથા તેમને ગુનાનો પસ્તાવો છે અને તેને સુધરવાની તક મળવા અરજ કરેલ છે. વધુમાં આ કબુલાત સ્વૈચ્છીક હોય અને તેઓ આ કૃત્ય બદલ પારાવાર પસ્તાવો કરતા હોય અને હવે પછી આવુ કૃત્ય નહીં કરવાનું કબુલાત પુરસીસથી જાહેર કરે છે.

રેકર્ડ ઉપર આવેલ વિગતો તથા આરોપીના સંજોગો ધ્યાને લઇ તેને સુધરવાની તક આપી ન્યાયોચીત જણાતું હોય જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**– આખરી હુકમ –**

હાલના કેસના **આરોપી મહેન્દ્રભાઇ મગનભાઇ સોંદરવાને ભારતીય નાગરીક સુરક્ષા સહિંતા ૨૦૨૩ ની કલમ ૨૬૪** ના અન્વયે **ગુજરાત નશાબંધી અધિનીયમ, ૧૯૪૯ ની કલમ ૬૫–એએ** મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી **રૂા.૨૦૦/–(અંકે રૂપિયા બસો પુરા)** નો દંડ અને દંડની રકમ જો ન ભરે તો દિન – ૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

ગેરકાયદેસરના મુદ્દામાલને નષ્ટ કરવાનો હુકમ કરવામાં આવે છે. વાહન/મોબાઇલનો વચગાળાના હુકમ થયા હોય તો એ હુકમ કાયમ રાખવાનો અને ન થયો હોય તો માલીકીની ખરાઇ કરીને પરત આપવાનો તથા આરોપીના બેલ બોન્ડ રદ ગણવા તેમજ જામીનદારે જામીન પેટે કોઇ પેનલ્ટી ભરેલ હોય તો તે સરકાર ખાતે ખાલસા કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

**આજરોજ તા. ૧૧ મી માહે જુલાઇ, સને ૨૦૨૬ ના રોજ રાષ્ટ્રીય લોક અદાલતમાં ઠરાવ જાહેર કર્યો.**

**તા. ૧૧/૦૭/૨૦૨૬**
**જુનાગઢ**

(કિ.એ.મારવાહા)
**એડી.જયુડી.મેજી.ફ.ક.જજ,**
**જુનાગઢ**
**જજ કોડ જી.જે.૦૧૫૫૮**

**એમ.એમ.નં.......... થી તા. ૧૧/૦૭/૨૦૨૬ ના રોજ રૂા..........દંડના વસુલ લીધા.**

**નાઝીર**
**ચીફ કોર્ટ, જુનાગઢ**